**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૫ ટકા

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે શિક્ષણમંત્રી દ્વારા ટૉયવાનનું લોકાર્પણ અને ટૉયહાઉસનું ઈ-ભૂમિપૂજન થયું



ગાંધીનગર, તા.૩
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૧૩મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે દિનાંકઃ ૩૧/૦૭/૨૦૨૧ના રોજ સોનામાં સુગંધ ભળે તે રીતે બીજો પણ આનુષંગિક કાર્યક્રમ યોજાઈ ગયો. આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવાના ભાગરૂપે રમકડાં ક્ષેત્રે આત્મનિર્ભરતા કેળવી શકાય તે માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ભારત પેટ્રોલિયમ લિમિટેડની ૪ કરોડ ૮૦ લાખ રૂપિયાની માતબર આર્થિક સહાયથી બનનારા ટૉયહાઉસનું ઈ-ભૂમિપૂજન માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ હસ્તે સંપન્ન થયું. ૨૨,૫૦૦ ચો.ફૂ. જગ્યામાં બનનારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતેના આ ટૉય હાઉસમાં ભારતભરમાંથી આવેલાં વિવિધ પ્રકારના, સંસ્કૃતિ અને ઈતિહાસ તથા વિજ્ઞાન અને ટેકનોલોજીને ઉજાગર કરતાં રમકડાંઓ એકત્રિત કરવામાં આવશે. આ ઉપરાંત ટૉય લેબમાં વિવિધ પ્રકારના રમકડાંઓ બનાવવામાં આવશે તથા રમકડાંઓની ચકાસણી કરી પ્રમાણિત કરવામાં આવશે. આ પ્રસંગે ટૉયવાનને માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી એસ.જે.હૈદર, બી.પી.સી.એલ.ના ડી.જી.એમ.(CSR) શ્રી દેવેન્દ્ર જોશી તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે લીલી ઝંડી આપી હતી. બી.પી.સી.એલ.ની આર્થિક સહાય વડે મળેલી આવી ચાર ટૉયવાન ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ફરશે અને ગુજરાતનાં બાળકોને રચનાત્મક અને સર્જનાત્મક રમકડાંઓ દ્વારા આનંદપ્રદ શિક્ષણ મળી રહે તે માટે કાર્યરત રહેશે.

# પાટનગરના સ્થાપના દિનની પ્રથમવાર ‘આસ્થામય’ સેવાકીય ઉજવણી

ગાંધીનગર, તા.૩
ગાંધીનગરના ૫૭મા સ્થાપના દિનની આસ્થા સેવા યજ્ઞ અંતર્ગત અભૂતપૂર્વ ઉજવણી કરવામાં આવી હતી. પહેલીવાર શહેરમાં મોટાભાગની સામાજિક અને સેવાકીય સંસ્થાઓએ સાથે મળીને શહેરભરમાં વિવિધ રનચાત્મક અને સેવાકીય કાર્યો થકી પાટનગરના સ્થાપના દિનને યાદગાર બનાવી દીધો હતો. આ પ્રસંગે આસ્થા સેવા યજ્ઞ દ્વારા સે-૨૨માં જૈન મંદિર ખાતે ચાતુર્માસ માટે બિરાજમાન રાષ્ટ્રસંત પૂ. પદ્મસાગર સૂરીશ્વરજી મ.સા.ના હસ્તે ૮૦૧ સેવા એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેનો રાજયના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ દ્વારા લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

પાટનગરના ઈતિહાસમાં પહેલીવાર એક સાથે શહેરમાં ૩૩ સ્થળોએ વિવિધ સેવાકીય અને રચનાત્મક કાર્યક્રમો સાથે ગાંધીનગરનો જન્મદિવસ ઉજવાયો હતો. આ ઉજવણીમાં યોજાયેલા કાર્યક્રમોમાં વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા જેવા બાળકો માટેના ઓનલાઈન આયોજન ઉપરાંત સિવિલ હોસ્પિટલના ડોકટર્સ અને નર્સિંગ સ્ટાફ, સ્મશાન મુકિતધામના કર્મચારીઓ વગેરે જેવા કોરોના વોરિયર્સનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત દરેક સેકટરમાં જાહેરસ્થળોએ દેશભકિતના ગીતોના ગુંજન સાથે ‘કેક કટીંગ’ના કાર્યક્રમો યોજાતા સમગ્ર શહેરમાં ઉત્સવનો માહોલ છવાયો હતો અને આ ઉત્સવમાં મહાપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. વળી, આ સાથે નાગરિકોએ સમી સાંજે પોતપોતાના ઘરે દીપ પ્રાગટય કરીને પોતાનો હર્ષ વ્યકત કરતા અનેરો માહોલ સર્જાયો હતો.

## આયોજક સાથે ૮૯ સ્વૈચ્છિક સંસ્થાઓએ સહયોગ આપ્યો

આસ્થા સેવાયજ્ઞના સ્થાપક પ્રમુખ હેમરાજભાઈ રામજીભાઈ પાડલીયા, માનદમંત્રી મહેન્દ્રભાઈ પટેલ દાસ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા મિત્ર મંડળ ટ્રસ્ટના જીલુભા ધાંધલ, નરેન્દ્રભાઈ મંડીર, ઋષિવંશી સમાજ સેવા ફાઉન્ડેશનના સહ મહામંત્રી ભગવાનદાસ વિઠ્ઠલપરા, મંત્રી ભાવેશ ચૌહાણ, લોકકલ્યાણ ટ્રસ્ટના કુમારભાઈ લીમાની સહિત શહેરની આશરે ૮૯ સ્વૈચ્છિક સંસ્થાઓના સહભાગીઓ-શુભેચ્છકોના સંયુકત પ્રયાસથી પાટનગરના સ્થાપના દિનની ભવ્ય ઉજવણીનું આયોજન કરાયું હતું. જેનો ઉદ્દેશ જન્મભૂમિ અને કર્મભૂમિ ગાંધીનગરનું ઋણ અદા કરવાનો હતો. સમગ્ર ઉજવણી ‘સેવા એજ ધર્મ’ના વિચાર અંતર્ગત કરવામાં આવી હતી.




ગાંધીનગરના સ્થાપના દિનો શહેરની અદાલતના પ્રિન્સિપાલ જજ સાહેબ દ્વારા પણ બાર એસોસિએશનના કોન્ફરન્સ હોલમાં વકીલો સામે કેક કાપીને ઉત્સવ મનાવાયો હતો તેમજ જરૂરિયાતમંદ વર્ગના બાળકોને નાસ્તા વિતરણ કરાયું હતું.

## જન્મદિને વધામણી



રશ્મિકુંવરબા છત્રસિંહ ચૌહાણ



ઘનશ્યામદાસ લુલ્લા

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યૂ

ગાંધીનગર, તા.૩
ઊદિશા અને પ્લેસમેન્ટ સેલ દ્વારા કોલેજની સ્નાતક વિદ્યાર્થીનીઓને રોજગારી મેળવવામાં મદદરૂપ થવાના આશયથી વિવિધ પ્રતિષ્ઠિત કંપનીઝના એચઆર હેડે નિમંત્રિત કરીને કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરાયું હતું. જેમાં ૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ઓફલાઈન અને ઓનલાઈન મોડમાં ઈન્ટરવ્યૂ આપ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન પ્રતિમાબેન છનિયારા અને મુન્નાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ભરવાડ લાભુભાઈ કાળુભાઈ,** ઉ.વ. ૪૫, સે-૧૪, ગોકુળપુરા
- **સ્વ. ગોલાણીયા દેવજીભાઈ ઠાકરશીભાઈ,** ઉ.વ. ૯૦, જુનુગામ, બોટાદ
- **સ્વ. ભોજૈયા ભાનુભાઈ ધરમસિભાઈ,** ઉ.વ. ૫૩, સે-૧૩, છાપરાં
- **સ્વ. શાહ મુકેશકુમાર નંદલાલ,** ઉ.વ. ૫૨, સેકટર-૨૭
- **સ્વ. બિંગી શારદા નિગપ્પા,** ઉ.વ. ૪૧, માણસા
- **સ્વ. જોષી જગદીશચંદ્ર કાન્તિલાલ,** ઉ.વ. ૬૯, રાંદેસણ

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. પટેલ શીવાભાઈ જોઈતારામ,** ઉ.વ. ૮૫, રાયસણ
- **સ્વ. નરસિંઘાણી જેઠાનંદ રેણુમલ,** ઉ.વ. ૯૦, કુડાસણ

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં મોટર સ્કીલ અંતર્ગત વર્કશોપ

ગાંધીનગર, તા.૩
વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં મોટર સ્કીલ અંતર્ગત વર્કશોપ યોજાયો હતો. મોટર સ્કીલ એ લેખન અને શિક્ષણવિદ્યા પહેલાં આવશ્યક એવી કુશળતા છે જે કૌશલ્ય બાળકની ભવિષ્યની પ્રવૃત્તિઓમાં વધુ જટિલ કુશળતા કરવાની ક્ષમતામાં મદદ મળે છે. જેમ કે ટીમ સાથે કાર્ય કરવું, મગજ અને શરીરના સ્નાયુઓને આ કુશળતાને તમારા બાળકના વિકાસના અન્ય તમામ ભાગો-ભાષા, સામાજિક-ભાવનાત્મક અને વર્તણૂક સાથે વિકાસ, જોડાણ અને નિર્માણ કરવાની મંજૂરી આપે છે. મોટર કુશળતા બાળકને નવા અનુભવો સાથે જોડવામાં મદદ કરે છે. આ અંગે સમજૂતી આપતો આ વર્કશોપ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં યોજાઈ ગયો જેમાં વાલીઓ તથા બાળકોએ જોડાઈ ખૂબ સારો સહકાર આપ્યો હતો.





સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોમગાર્ડ ભરતભાઈ વાઘેલા વયનિવૃત્ત થતા તેઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. સ્ટાફના મિત્રો દ્વારા ભેટ સોગાદ આપી તેઓને વિદાય અપાઈ હતી.

# “મારું ગાંધીનગર” થીમ પર ચિત્ર સ્પર્ધા

ગાંધીનગર, તા. ૩
આસ્થા સેવા યજ્ઞ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ઋષિવંશી સમાજ સેવા ફાઉન્ડેશન, યુવા દિશા કેન્દ્ર, શ્રી લોક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરના ૫૭માં જન્મદિન નિમિત્તે શહેરમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ‘મારૂ ગાંધીનગર’ની થીમ પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધા સફળ બનાવવા માટે અગ્રણી સી. એલ. મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી. જેમાં શહેરના ૧૨૮ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધામાં ૫ વર્ષથી ૪૦ વર્ષના વયજૂથ સુધીના લોકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વત્સલ વોરા, પૂર્વીબેન મણીયાર અને ચંદ્રેશ સોનીએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. દરેક સ્પર્ધકોએ ખૂબ સુંદર રીતે ગાંધીનગરને પ્રદર્શિત કર્યુ હતુ. જેમાંથી ૧૫ ચિત્રોને સિલેકટ કરાયા હતા અને ‘મારૂ ગાંધીનગર’ની થીમના વિજેતા જાહેર કરાયા હતા.

આ વિજેતાઓના ચિત્રો નીચે મુજબ છે.

●●●



રાજયની રાજધાની ગાંધીનગરમાં મહાત્મા મંદિર સાઈટ પર મીઠાના ઢગલા આકારનો એક પિરામિડ બનાવ્યો છે. જે દાંડી કુટીર તરીકે ઓળખાય છે. તેવા દાંડી કુટીરની સુંદર કલાકૃતિ કરી હતી. ગાંધીનગરના નકશામાં ગાંધીનગરની સુંદર જગ્યાઓનું દૃશ્ય દોરવામાં આવ્યું હતું. જેમાં ઈન્દ્રોડા પાર્ક, વિધાનસભા, પંચદેવ મંદિર, અડાલજની વાવ, સરદારની પ્રતિમા, ગાંધીજીની પ્રતિમા દોરીને આકર્ષક ચિત્ર રજૂ કરાયું હતું.

**- શેખ મહંમદ સલીમ મહંમદ શફી (૪૧ વર્ષ)**

●●●

મારૂ ગાંધીનગર સ્વચ્છ, ગ્રીન અને નવું ગાંધીનગરના લખાણ સાથે સુંદર રીતે ગાંધીનગરને પ્રેઝન્ટ કરાયું હતું. જેમાં રંગબેરંગી કલરો પુરવામાં આવ્યા હતા અને ગાંધીનગરની ગ્રીનરી સાથે જ ગાંધીજીનું ચિત્ર, પાવર સ્ટેશન, લીલા હોટલ, કેપિટલ રેલવે સ્ટેશન દોરવામાં આવ્યું હતું. જે આ થીમને સુંદર રીતે રજુ કરાયું હતું.




**- ધ્રુવા પટેલ (૧૫ વર્ષ)**

●●●

ગાંધીનગરમાં પ્રથમ ઈંટ મુકાઈ તે સ્થળ એટલે કે જીઈબીથી શરૂઆત કરીને ગાંધીનગરના મંદિરો, મસ્જિદો, વિધાનસભા, ગાંધીજીનું

સુંદર દૃશ્ય સાથે ઈન્દ્રોડા પાર્ક દર્શાવીને ‘મારૂ ગાંધીનગર’ થીમ દ્વારા



ગાંધીનગરને રંગબેરંગી કલરો સાથે દર્શાવાયુ હતુ.

**- શ્રુત શાહ (૧૨ વર્ષ)**

●●●



ગાંધીનગરના ત્રણ તાલુકા માણસા, કલોલ, દહેગામને દર્શાવીને ગાંધીનગરના સુંદર ચિત્રો રજૂ કરાયા હતા. જેમાં અક્ષરધામ, લીલા હોટલ, દાંડી કુટિર, ઓવર બ્રિજ બનાવીને રંગીન ચિત્રો બનાવ્યા હતા.

**- રીચા મેવાડા (૧૫ વર્ષ)**

●●●




ગાંધીનગરના નકશામાં ગીફ્ટ લખીને ભારતના તિરંગાના ત્રણ રંગો કેસરી, સફેદ, લીલો અને વાદળી રંગ સાથે સુંદર ચિત્ર બનાવ્યું હતું. જેમાં લીલા હોટલ, વિધાનસભા, દાંડી કુટિરને હાઈલાઈટ કરવામાં આવ્યા હતા.

**- દિવ્યરાજસિંહ વિહોલ (૧૬ વર્ષ)**

●●●

વિઠ્ઠલભાઈ પટેલ ભવન, ગુજરાત વિધાનસભાનું ચિત્ર ૧૦ વર્ષની બાળા દ્વારા દોરવામાં આવ્યું હતું. વિધાનસભાની નવીનતમ રચના દૃશ્યમાન કરાઈ હતી અને સુંદર કલર પુરવામાં આવ્યા હતા.



**- જીલ જયેશ માળી (૧૦ વર્ષ)**


●●●




‘મારૂ ગાંધીનગર’ થીમ પર અદ્‌ભૂત કલાકૃતિ દર્શાવવામાં આવી હતી. જેમાં સૌથી ઉપર ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન દોરવામાં આવ્યું હતું અને બાજુમાં સંત સરોવર ડેમ દર્શાવાયો હતો. ગાંધીનગરમાં આવેલી ગ્રીનરીને રજૂ કરતું પુનિત વન અને ઈન્દ્રોડા પાર્ક જેમાં ડાઈનાસોરનું સુંદર ચિત્ર રજૂ કરાયું હતું.

**- પાયલ જાગીંડ (૧૬ વર્ષ)**


●●●




સમગ્ર ચિત્રમાં ગાંધીનગરને પ્રદર્શિત કરીને અદ્‌ભૂત ચિત્ર દશ્યમાન કરાયું હતું. જેમાં જીઈબી, ગીફ્ટ સીટી, પંચદેવ મંદિર, સ્વામીનારાયણ, ગુરૂકુળ, અક્ષરધામ મંદિર, વિધાનસભા, જનરલ હોસ્પિટલ, સરીતા ઉદ્યાન, બાલ ઉદ્યાન, ખાણી-પીણી, હેલીપેડ, સાબરમતી નદી, મહાત્મા મંદિર, કેપીટલ રેલવે સ્ટેશન વગેરે દર્શાવીને સુંદર ચિત્ર બનાવ્યું હતું.

**- વિષ્ણુસિંહ ચાવડા (૩૬ વર્ષ)**

●●●



ગાંધીનગરમાં આકર્ષણનું કેન્દ્ર એવું દાંડી કુટિર અને ઓવરબ્રિજનું ચિત્ર એક આકર્ષક અને લોકોનું ધ્યાન ખેંચી જાય તે રીતે દર્શાવવામાં આવ્યું હતું. જેમાં ગાંધીજીની સુંદર રચના દોરાઈ હતી. દાંડી બ્રિજ પરથી શહેરના નાગરિકો ગાંધીજીને નિહાળી રહ્યા હોય તેવું ચિત્ર રજૂ કરાયું હતું.

**- સુધિર પ્રજાપતિ (૨૭ વર્ષ)**

●●●




ગાંધીનગર સેક્ટર-૨૯ની બાળકી દ્વારા પુનિત વનને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રીન અને પીંક કલરથી ચિત્રને આકર્ષક બનાવાયું હતું.

**- મેઘ્ના પટેલ (૭ વર્ષ)**

●●●




ગાંધીનગરનું નામ જેના પરથી પડ્યું તેવા ગાંધીજીની દાંડીયાત્રા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિધાનસભા અને દાંડી કુટિરના દૃશ્યો દ્વારા ગાંધીનગરને દૃશ્યમાન કરવામાં આવ્યું હતું.

**- દ્વીજ સોનિ (૧૦ વર્ષ)**

●●●




કોરોનાની લડત આપતા કોરોના વોરીયર્સ એવા શહેરના પોલીસ કર્મી, ડોકટર્સ અને સફાઈકર્મીનું ચિત્ર દોરવામાં આવ્યું હતું.

**- વિહાન શાહ (૮ વર્ષ)**


●●●

ગાંધીનગરને એક વૃક્ષમાં દોરીને ‘મારૂ ગાંધીનગર’ થીમ રજૂ કરાઈ જેમાં સંત સરોવર, દાંડી કુટિર, સરિતા ઉદ્યાન, અક્ષરધામ, કેપિટલ રેલવે સ્ટેશન દોરવામાં આવ્યા હતા અને સુંદર રંગો પુરાયા હતા.




**- હેત્વી પંચાલ (૫ વર્ષ)**

●●●



‘મારૂ ગાંધીનગર’ થીમ પર દાંડી કુટિર અને ઓવરબ્રીજ સાથે મહાત્મા મંદિરનું ગાર્ડન અને સુંદર વાતાવરણ દોરીને સુંદર ચિત્ર રજૂ કરાયું હતું.

**- મહેન્દ્ર બુધાજી ઠાકોર (૩૬ વર્ષ)**

●●●

આ સંસ્થાઓ દ્વારા ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું જેમાં ૨૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા નીમિષ રાવલ, સંજય થોરાત, ડૉ. લીના રાણા, શૈલેષ પંડ્યાએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી.